ખુબજ જરૂરી/અગત્યનું


**નાયબ નિયામક,**

**અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી**

અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સુરત-૩૯૫૦૦૧

'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

150 YEARS OF CELEBRATING THE MAHATMA

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦

ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in


તા૦૭/૦૨/૨૦૨૦

જા.નં.ના.નિ./૨૦૧૯-૨૦/૩૭૩

પ્રતિ,

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

સુરત.

**વિષય:** વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અનુસૂચિત જાતિના વિદ્યાર્થી દ્વારા ભરાયેલ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની (ધોરણ-૧૧-૧૨) હાર્ડ કોપી (ફાઇલ) આપવા બાબત.

સંદર્ભ : અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક નં જા.નં ના.નિ. / ૨૦૨૦/ ૦૮ તા. ૦૧/ ૦૧/ ૨૦૨૦.

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી / વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) થી ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ ડેવલોપ કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતતા વિભાગના મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને લેવાયેલ તારીખ ૦૪/૦૨/૨૦૨૦ ના રોજની મીટીંગમાં અપાયેલ સૂચના અન્વયે ફેબુઆરી માસના અંત સુધીમાં શિષ્યવૃત્તિનું તમામ ચુકવણું પૂર્ણ કરવાનુ થાય છે, જેથી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા **DIGITAL GUJARAT PORTAL પર** ભરાયેલ તમામ ફોર્મની હાર્ડકોપી (FRC, સંસ્થાની માન્યતાનો લેટર, ફોર્મ તથા ડોક્યુમેન્ટ) સહીત **દિન–૭માં** મોકલી આપવાના રહેશે. આપની કક્ષાએથી તમામ આચાર્યશ્રીને આ બાબતે જરુરી કાર્યવાહી કરવા સૂચના આપવા જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, જો કોઈ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળા/કોલેજો/સંસ્થાઓના આચાર્યની રહેશે. જેની નોધ લેવા વિનંતિ છે.

જા. નં. ...૭૮૨/ ૨૦૧૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત
તા.: ૦૭ / ૦૨ / ૨૦૨૦

(સહી)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ વતી
સુરત

નકલ રવાના:-
જાણ તથા અમલ લેવા સારું.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર / જિલ્લાની તમામ શાળાઓને તરફ.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત

Scanned by CamScanner